## કુલ ગુણ અને મેળવેલ ગુણ માટે

A. જો આપની લાયકાતના ગુણપત્રકમાં કુલ અને મેળવેલ ગુણ આપેલા હોય તેમજ CGPA/CPI/GRADE વગેરે પણ આપેલ હોય તેવા કિસ્સામાં એપ્લિકેશન ફોર્મમાં ગુણપત્રકમા દર્શાવ્યા મુજબ કુલ ગુણ અને મેળવેલ ગુણ જ દર્શાવવા.

B. જો આપની માર્કશીટમાં ફક્ત CGPA/SGPA/CPI વગેરે જ આપેલા હોય ત્યારે અરજી પત્રકમાં દર્શાવેલ ફોર્મ્યુલાની મદદથી CGPA/SGPA/CPI ટકામાં રૂપાંતર કરવા અને તે મુજબ કુલ ગુણ અને મેળવેલ ગુણ લખવા.

દા.ત. જો ફોર્મ્યુલા પ્રમાણે ૬૬.00% આવે તો

કુલ ગુણ ૧00 અને મેળવેલ ગુણ ૬૬

અથવા

કુલ ગુણ ૧000 અને મેળવેલ ગુણ ૬૬0 તે મુજબ માર્ક્સ ગણવા.

C. જો ઉપર A અને B મુજબ ન થઈ શકતું હોય તેવા કિસ્સામાં આપની કોલેજ અથવા યુનિવર્સિટી પાસેથી દરેક લાયકાત માટે કુલ ગુણ અને મેળવેલ ગુણનું પ્રમાણપત્ર મેળવી તે મુજબના ગુણ લખવા

ખાસ નોંધ : ડોક્યુમેન્ટ વેરિફેકેશન વખતે ગુણાંકન બાબતે જો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો જે-તે યુનિવર્સિટી પાસેથી મળેલ માહિતીને આધારે અંતિમ નિર્ણય લેવામાં આવશે.

## NOC અને બોન્ડ માટે

A. પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક સરકારી કે ગ્રાન્ટેડમાં નોકરી કરતા હોય તો સરકારશ્રીના તા.૨૨/0૩/૨૦૧૭ ઠરાવ મુજબ એન.ઓ.સી. રજુ કરવાનું રહેશે.

B. સરકારી પ્રાથમિક શાળા- DPEO નું એન.ઓ.સી.

સરકારી માધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિક શાળા-DEO નું એન.ઓ.સી.

અનુદાનિત પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા- શાળા સંચાલક મંડળનું એન.ઓ.સી.

C. ત્રણ વર્ષથી ઓછી નોકરી હોય અને માધ્યમિકમાંથી માધ્યમિકમાં જતા હોય કે ઉચ્ચતર માધ્યમિકમાંથી ઉચ્ચતર માધ્યમિકમાં જતા હોય ત્યારે જ બોન્ડ આપવાનો થાય.

Scanned by CamScanner

# FAQ

**૧. ઉમેદવાર દ્વારા એક થી વધુ અરજી કરી શકાય કે કેમ ?**

- ✓ ના, એક જાહેરાતમાં એક જ અરજી કરી શકાય. પરંતુ ઉમેદવાર જો લાયકાતો ધરાવતો હોય તો સરકારી માધ્યમિક/સરકારી ઉ. માધ્યમિક/ગ્રાન્ટ-ઇન-એઇડ માધ્યમિક/ગ્રાન્ટ-ઇન-એઇડ ઉ.માધ્યમિક વિભાગમાં શિક્ષણ સહાયકની અરજી કરી શકે છે.

**૨. EWS કેટેગરી માં અરજી કરેલ હોય તો GEN કેટેગરીમાં પસંદગી મળી શકે ? મેરીટ મુજબનો EWS નો લાભ મળે કે જતો રહે ? એવી રીતે OBC હોય તો GEN નો લાભ મળી શકે ?**

- ✓ પ્રથમ આવેલી કુલ અરજીઓ પૈકી કોઇપણ અનામત કેટેગરીને ધ્યાને લીધા સિવાય પ્રથમ જનરલની ઉપલબ્ધ જગ્યાઓ ધ્યાને લઇ જનરલ કેટેગરીનુ મેરીટ બને જેમાં તમામ અનામત કેટેગરીના ઉમેદવારો ને વયમર્યાદાને આધિન (જો વયમર્યાદાની જોગવાઇ લાગુ પડતી હોય તો) મેરીટના આધારે સમાવેશ કરવામાં આવે.

**૩. ડોક્યુમેન્ટ વેરીફીકેશન ક્યારે કરાવવાનું ?**

- ✓ પ્રોવિઝનલ મેરીટ લિસ્ટ-૧ માં જે ઉમેદવારોનો સમાવેશ થસે તેઓને તે અંગેની જાણ કરવામાં આવશે. ત્યાર બાદ આવા ઉમેદવારોએ અત્રેથી સુચવેલ સમયે ડોક્યુમેન્ટ વેરીફીકેશન કરાવવાનું રહેશે.

**૪. એક થી વધુ વિભાગમાં કરેલ અરજીનુ વેરિફિકેશન અલગ અલગ કરવાનુ રહેશે ?**

- ✓ હા, એક થી વધુ વિભાગમાં કરેલ અરજીનુ વેરિફિકેશન અલગ અલગ કરવાનુ રહે.

**૫. સરકારી અને ગ્રાન્ટ–ઇન–એઇડ બંને વિભાગ માટે કમ્પ્યુટરની લાયકાત ફરજિયાત છે ? તે અન્વયે કેવુ પ્રમાણપત્ર રજુ કરવાનુ રહે ?**

- ✓ હા, કમ્પ્યુટરની લાયકાત ફરજિયાત છે . જે ઉમેદવારો ધોરણ – ૧૦/ધોરણ –૧૨/સ્નાતક/અનુ સ્નાતક કક્ષાએ કમ્પ્યુટર વિષય તરીકે પાસ કરેલ હોય તો અલગથી પ્રમાણપત્રની જરૂર નથી. અન્યથા સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ ના ઠરાવ મુજબ પ્રમાણપત્ર રજુ કરવાનુ રહે, ઠરાવ વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

**૬. Online અરજી પ્રિન્ટ કરીને કયા કયા ડૉક્યુમેન્ટ એટેચ કરવાના?**

- ✓ Online અરજી પ્રિન્ટ સાથે ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે રજુ કરવાના ડૉક્યુમેન્ટ ની યાદી વેબસાઇટના HOME PAGE પર Instructions માં મુકેલી છે. તે મુજબ ડોક્યુમેન્ટ એટેચ કરવા. આ કામગીરી પ્રોવિઝન મીરીટ લિસ્ટ-૧ માં સમાવેશ થયા બાદ જ કરવાની રહેશે.

**૭. Online અરજીની પ્રિન્ટ ક્યાં આપવાની? અરજી જમા કરાવ્યા બાદ પહોંચ આપવામાં આવશે ?**

- ✓ જો પસંદગી સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવેલ કામચલાઉ ગુણવત્તાયાદી-૧માં જો ઉમેદવારો સમાવેશ થશે તો તેવા ઉમેદવારો ગુણપત્રકો/પ્રમાણપત્રની ચકાસણી કયા જીલ્લામાં કરાવવા ઇચ્છે તેના વિકલ્પ ઓનલાઈન ફોર્મમાં ફરજીયાત દર્શાવવાનો રહેશે અને જે ઉમેદવારોનો ગુણવત્તા યાદી-૧માં સમાવેશ થશે તેઓને તે અંગેની જાણ એસ.એમ.એસ.થી કરવામાં આવશે ત્યાર બાદ તેઓએ ડોક્યુમેન્ટ વેરીફીકેશનનો લેટર ઓનલાઈન મેળવી, પસંદગી સમિતિ દ્વારા નિશ્ચિત કરવામાં આવેલ સમયગાળામાં ઉમેદવારોએ આ સ્થળે ડોક્યુમેન્ટ વેરીફીકેશન ફરજીયાત કરાવવાનું Online અરજીની ફાઇનલ પ્રિન્ટ ડોક્યુમેન્ટ વેરિફિકેશનના સ્થળે આપવાની રહેશે.

**૮. Document verification માટે સેલ્ફ અટેસ્ટેડ કોપી ચાલશે કે ગેજેટેડ ઓફિસર પાસે અટેસ્ટેડ કરાવવી પડશે ?**

- ✓ હા, Document verification માટે સેલ્ફ અટેસ્ટેડ કોપી ચાલશે.

**૯. સરકારી/ગ્રાન્ટ–ઇન–એઇડ શાળામાં નોકરી કરતા ઉમેદવારે કેવુ NOC લેવુ પડે ?હાલ ત્રણ વર્ષથી ઓછી નોકરી હોય તો ત્રણ લાખના બોન્ડની જોગવાઈ કોને લાગુ પડશે ? કેવી રીતે ?**

- ✓ હાલ સરકારી અથવા બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકોએ અરજી કરતા પુર્વે નિમણુક સત્તાધિકારીની એન.ઓ.સી. લેવાની રહેશે અને જો માધ્યમિક વિભાગમાં ફરજ બજાવતા શિક્ષક માધ્યમિક વિભાગમાંજ પસંદગી પામે તથા અને જો ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં ફરજ બજાવતા શિક્ષક ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાંજ પસંદગી પામે તો શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૨૦૧૭/સીંગલફાઈલ-૬/ક, તા.૨૨/૦૩/૧૭ મુજબ જીલ્લા/શાળા પસંદગી માટે ઉપસ્થિત રહે ત્યારે ૦૩ વર્ષથી ઓછી નોકરીવાળા ઉમેદવારે રાજીનામુ મંજૂર કર્યાનો હુકમ તથા બોન્ડની રકમ ભર્યાની ચલણની નકલ રજુ કરશે. તે જ જીલ્લા પસંદગી માટે પાત્ર ગણાશે. એનઓસી મેળવ્યા સિવાય અરજી કર્યાની બાબત સમિતિના ધ્યાન પર આવશે તો અરજી/જીલ્લા પસંદગી/શાળા પસંદગી/નિમણૂંક રદ થવાને પાત્ર ઠરશે.

**૧૦. ઉંમરની મર્યાદા કોને લાગુ પડે ? સરકારી કે ગ્રાન્ટ–ઇન–એઇડ ?**

- ✓ સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સહાયકોને ઉંમરની મર્યાદા લાગુ પડશે.

**૧૧. બધી લાયકાતો માટે માર્કશીટ, ટ્રાયલ સર્ટી અને ડીગ્રી પ્રમાણપત્ર રજુ કરવા ફરજીયાત છે ?**

- ✓ હા, પ્રોવિઝનલ મેરિટ-૧ માં સમાવેશ થયેલ ઉમેદવારોએ ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે ફરજિયાત રજુ કરવાનું રહેશે.

**૧૨. CGPA/SGPA/CPI/GRADE ને ટકા/ગુણ માં કેવી રીતે ફેરવાશે ?**

- ✓ ઉમેદવારોએ શૈક્ષણિક/વ્યવસાયિક સ્નાતક અને અનુ-સ્નાતક કક્ષાની લાયકાત અન્વયે ઓનલાઈન અરજી માં ગુણના સ્વરૂપો દર્શાવવાના રહેશે. CGPA/CPI/GRADE માં દર્શાવી શકાશે નહિ. અત્રે ઉપલબ્ધ વિવિધ યુનિવર્સિટીના CGPA/CPI/GRADE રૂપાંતર કરવાના ફોર્મયુલા https://www.gserc.in/વેબસાઈટ પર દર્શાવેલ છે. જેની મદદથી ઉમેદવારોએ CGPA/CPI/GRADE ને ગુણ માં રૂપાંતર કરી અરજી પત્રકમાં ગુણ દર્શાવવા. સદર યાદીમાં સામેલ ન હોય તેવી યુનિવર્સિટીના CGPA/CPI/GRADE ને જે તે ઉમેદવારે જાતે સબંધીત યુનિવર્સિટી પાસેથી ગુણાંકનમાં રૂપાંતરીત કરાવવાના રહેશે અને ડોક્યુમેન્ટ વેરીફીકેશનના દરેક તબક્કે યુનિવર્સિટીના માન્ય આધાર પુરાવા સાથે રજુ કરવાના રહેશે.

**૧૩. ચાલુ નોકરી દરમ્યાન External/Distance Learning થી લાયકાત મેળવેલ હોય તો માન્ય ગણાય ?**

- ✓ ચાલુ નોકરી દરમ્યાન External/Distance Learning થી મેળવેલ લાયકાત અન્વયે નિમણુક સત્તાધિકારીની પુર્વ મંજુરી આવશ્યક છે.તેમજ,રાજ્ય બહારની યુનિવર્સીટીની ઓપન અને ડીસ્ટન્સ લર્નીંગ દ્વારા મેળવેલ ડીગ્રી માન્ય ન હોઈ તેવી લાયકાત ગ્રાહ્ય રહેશે નહીં. ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી તથા ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી ની લાયકાત માન્ય ગણાશે.

**૧૪. PH કેટેગરી માટે કયા આધારો જોડવા ?**

- ✓ વિકલાંગ ઉમેદવારોએ સીવીલ સર્જનનું તબીબી પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

**૧૫. ભરાઇ ગયેલા ફોર્મ માં પાછળથી વિગત સુધારવા શુ કરી શકાય ?**

- ✓ તમામ ઉમેદવારોએ સુચનાઓ વેબસાઇટ પર મુકેલ સુચનાઓ વાંચ્યા બાદ જ અરજી કરવી. ઓનલાઇન/ઓફલાઇન ફી ભર્યા બાદ અરજીમાં કોઇ ફેરફાર થઇ શકશે નહી જેની ખાસ નોંધ લેવી.

**૧૬. ફોર્મ ભરવાનુ અધુરૂ રહી ગયુ હોય અને ચલણ ભરાઇ જાય તો રિફંડ મળશે ?**

- ✓ ના.

**૧૭. આઇ.આઇ.ટી.ઇ. ગાંધીનગરમાંથી ચાર વર્ષના ઈન્ટિગ્રેટેડ અભ્યાસ ક્રમથી લાયકાત મેળવેલ હોય તો શૈક્ષણિક સ્નાતક અને વ્યાવસાયિક સ્નાતકમાં ગુણ કઈ રીતે દર્શાવવા?**

- ✓ આઇ.આઇ.ટી.ઇ. ગાંધીનગર પાસેથી મળેલ વિગતો મુજબ તેઓની માર્કશીટમાં શૈક્ષણિક સ્નાતક અને વ્યાવસાયિક સ્નાતકના CGPA અલગ કોલમમાં દર્શાવવામાં આવે છે.જેથી ઉમેદવારો આ CGPA ને ગુણમાં રૂપાંતરિત કરી દર્શાવી શકે છે.

**૧૮. અરજી ફોર્મમાં એડવર્ટાઇઝ મેન્ટ નંબરના ખાનામાં શુ દર્શાવવું?**

- ✓ આપેલ જાહેરાતમાં આપના વિષયની સામે જે જાહેરાત ક્રમાંક આપેલ છે. તે આપનો એડવર્ટાઇઝ મેન્ટ નંબર રહેશે.
- ✓ દા.ત. અંગ્રેજીના વિષય સામે જાહેરાત ક્રમાંક ૫ હોય તો આપનો એડવર્ટાઇઝ મેન્ટ નંબર ૦૫/૨૦૧૯ રહેશે.(જે-તે વિભાગની જાહેરાત પ્રમાણે)

**૧૯. અરજી ફોર્મમાં પ્રોફેશનલ અનુસ્નાતકના સ્પેશીયલ ફિલ્ડના કોલમમાં કયો વિષય ભરવો ?**

- ✓ પ્રોફેશનલ અનુસ્નાતકના વિષયો પૈકી કોઈ પણ એક વિષય લખવો.

**૨૦. એક વખત ફી ફરી, સબમીટ કરેલુ ફોર્મ ફરી સુધારી શકાય ?**

- ✓ ના, ફી ભરી દિધા બાદ (payment થઈ ગયા બાદ) અરજી ફોર્મમાં કોઈ પણ ફેરફાર કરી શકાય નહીં.

**૨૧. ફરીથી ફોર્મ ભરી શકાય ?**

- ✓ ના

**૨૨. SEBC કે EWS માં પ્રમાણપત્રની તારીખ કઈ લખવી ?**

- ✓ SEBC હોય તો નોન-ક્રિમીલેયર સર્ટીફીકેટની અને EWS માં તે અંગેના પ્રમાણપત્રની તારીખ લખવી.

**૨૩. અભ્યાસમાં ગેપ(તૂટ) પડી હોય તો સોગંદ નામુ કરવાની જરૂર છે ?**

- ✓ ના, આવા કોઈ સોગંદનામાની જરૂર નથી.

**૨૪. ટાટના ફોર્મ ભરતી વખતે લખેલ કેટેગરી બદલી શકાય ?**

- ✓ હા, પણ તે અંગે સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર હોવું જોઈએ.